NAYARA
ENERGY

## PRESS COVERAGE:

**PUBLICATION NAME: BHOOMI (GUJARATI DAILY)**
**CITY:** JAMNAGAR
**DATE:** 10-07-2018
**PAGE NO.** 03
**TOTAL SQ. CM.** 336
**TITLE:** *Nayara Energy Limited provides guidance to students about safety measures in natural and human being adversity*

# નયારા એનર્જી લિમિટેડ દ્વારા વિદ્યાર્થીઓને આપત્તિ સમયે સાવચેતી અંગે અપાયું માર્ગદર્શન

## ખંભાળિયા પથંકના ૧૯૨૯ વિદ્યાર્થીઓ અને ૪૦ શિક્ષકોએ લાઈવ ડેમો દ્વારા જાણકારી મેળવી





નયારા એનર્જી લિમિટેડ દ્વારા શાળાઓના વિદ્યાર્થીઓને આપત્તિ સમયે શું-શું સાવચેતી રાખી શકાય એ અંગે માર્ગદર્શન આપવામાં આવતા વિદ્યાર્થીઓ તથા શિક્ષકોએ તેમનો લાભ લીધો હતો.

જામનગર તા. ૧૦ : નયારા એનર્જી લિમિટેડએ શાળા સલામતી સપ્તાહની ઉજવતી અંતગર્ત ખંભાળિયા પંથકની પાંચ શાળાઓના આશરે ૧૯૨૯ વિદ્યાર્થીઓ તથા ૪૦ શિક્ષકોને કુદરતી કે માનવસર્જીત આપત્તિ સમયે સાવચેતી રાખી કઈ રીતે સુરક્ષિત પગલાં ભરી શકાય? એ અંગેનું માર્ગદર્શન લાઈવ ડેમો મારફતે આપવામાં આવ્યું હતું.

ગુજરાત રાજય આપત્તિ વ્યવસ્થા સત્તામંડળના આયોજનથી દેવભૂમિ દ્વારકા જિલ્લાના ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલ દ્વારા શાળા સલામતિ સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણીમાં વાડીનારમાં આવેલી નયારા એનર્જી લિમિટેડએ જોડાઈ ખંભાળિયા પંથકની પાંચ શાળાઓમાં માર્ગદર્શક કાર્યક્રમો યોજયા હતા. જેમાં વાડીનાર પ્રાથમિક શાળા, વાડીનાર ધાર વાડી પ્રાથમિક શાળા, નાના આંબલા પ્રાથમિક શાળા, ઉગમણાબારાની સરકારી સેકન્ડ્રી સ્કૂલ અને ખંભાળિયાની દા.સુ. ગર્લ્સ હાઈસ્કૂલનો સમાવેશ થાય છે. આ શાળાઓમાં આશરે ૧૯૨૯ વિદ્યાર્થીઓ તથા ૪૦ શિક્ષકોએ કુદરતી તથા માનવસર્જીત આપત્તિ વખતે રાખવી જોઈતી સાવચેતી અંગે માર્ગદર્શન મેળવ્યું હતું.

નયારા એનર્જી લિમિટેડના ફાયર વિભાગના તાલીમથી સુસજજ થયેલા જવાનોએ વિદ્યાર્થીઓ તથા શિક્ષકોને આધુનિક સાધનો અને ઘર ઉપયોગી સાધનો વડે લાઈવ ડેમો યોજી કુદરતી કે માનવસર્જીત આપત્તિ વખતે તાકીદના ધોરણે શું કરવું જોઈએ અને શું ન કરવું જોઈએ અને તે માટે કઈ પ્રકારની તકેદારી રાખવી જોઈએ તે અંગે વિગતવાર માર્ગદર્શન આપ્યું હતું. કંપનીના તાલીમબધ્ધ કર્મચારીઓએ આપેલા માર્ગદર્શન અને પ્રશ્નોત્તરીના સંતોષકારક ઉત્તરથી વિદ્યાર્થીઓ તથા શિક્ષકોએ નયારા એનર્જી લિમિટેડનો આભાર વ્યક્ત કર્યો હતો.